IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# વલણ એક અધ્યયન

**ક્રિષ્નાકુમારી નરેંન્દ્રસિંહ ઠાકોર**

**( M.A. , B.Ed. , M.Ed. )**

**PHD Scholar**

**સારાંશ** :

શાળાઓ , કોલેજોમાં વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓનાં મંતવ્યો જાણવા માટે એમનાં મન: સ્થિતિનાં વિચારો જાણવા માટે એમનાં વલણોનો અભ્યાસ કરવા માટે ઉપયોગી છે. વલણ માપદંડ માટે ત્રિ બિંદુ કે પંચબિંદુ અધ્યયનનાં ધ્યેયો અને પરીક્ષણની સમજ મેળવવા માટેની યોજના છે. વ્યકિતનાં વ્યવહારોમાં વલણોનું સ્થાન મહત્વપૂર્ણ છે. વલણોનો અર્થ આપ્યા બાદ વલણોની વ્યાખ્યા આપી વ્યાખ્યાનું પૃથક્કરણ કરી વલણ અંગેનાં ઘટકો , પ્રકારો અને લક્ષણોની ચર્ચા કરેલ છે. વિધાર્થીઓની તીવ્રતા , બુધ્ધિ , સુસંગતતા , વલણની દિશા જાણી શકાય છે. વિધાર્થીઓની વિચારશકિત અને તર્કશકિત વિકસાવી શકાય છે. વલણ જાણવું ખુબ જ જરૂરી છે.

**ચાવીરૂપ શબ્દો : વલણ , પરીવર્તન**

**પ્રસ્તાવના :**

વ્યકિતનાં વ્યવહારમાં વલણોનું સ્થાન મહત્વપૂર્ણ છે. વલણો વ્યકિતની વિચારણા અને વ્યવહારોને દોરે છે. તેથી કેળવણીનાં ક્ષેત્રે વલણોનો અભ્યાસ સવિશેષ મહત્વ ધરાવે છે. વલણ એ સામાજિક અને માનસિક પાસું છે. તેનો સંબંધ સામાજિક પરિસ્થિતિમાં વ્યકિતનાં વર્તનના માનસિક પાસા સાથે છે. તેના દ્વારા વ્યકિત વિશેષનાં વર્તનનો અભ્યાસ કરી શકાય છે. વલણ કોઈ વસ્તુ , વ્યક્તિ , સંસ્થા કે સ્થિતિ પ્રત્યે વ્યકિત વિશેષનાં વિચારો વિશે જાણકારી આપે છે.

**વલણનો અર્થ :**

વ્યકિતનાં વ્યવહારમાં વલણોનું સ્થાન મહત્વપૂર્ણ છે. વલણોએ સામાન્ય ટેવો અથવા વિચારજન્ય ટેવો છે. જે વ્યકિતનાં વિચાર અને વ્યવહાર ને દોરે છે. વલણ આપણી પ્રેરણાઓ , આવેગો , પ્રત્યક્ષીકરણ અને જ્ઞાનાત્મક પ્રક્રિયાઓનું એવું એક કાયમી સંગઠન છે જે વ્યકિતનાં જગતનાં સંદર્ભમાં ઉત્પન્ન થાય છે. વલણ એ અનુભવ દ્વારા રચાયેલી વર્તન ઉપર નિર્દેશાત્મક અને ગત્યાત્મક પ્રભાવ પાડતી પ્રતિક્રિયા કરવા માટે તત્પરતાની માનસિક અવસ્થા છે.

**વલણની વ્યાખ્યા અને વ્યાખ્યાઓનું પૃથક્કરણ :**

**૧) થર્સ્ટન :**

“ કોઇ વિશિષ્ટ મનોવૈજ્ઞાનિક વસ્તુની તરફેણમાં કે વિરોધમાં આપતો સામાન્યકૃત પ્રતિચાર એટલે વલણ “

**૨) ઓલપાર્ટ :**

" વલણ એટલે અનુભવોને કારણે સંગઠિત થયેલી માનસિક અને પ્રાકૃતિક તત્પરતાની એવી સ્થિતિ કે સંબધિત વસ્તુઓ કે સંજોગો તરફથી વ્યકિતના પ્રતિચારને નિર્દેશિત કે પ્રભાવિત કરે છે."

**૩) સ્કીનર :**

"An attitude is defined as generalized disposition towards group of people and it is amiotionally tones "

**૪) ' મેરિસ' ના મત પ્રમાણે :**

Attitude are associated with likes and dislikes consequently have an emotional content .

**વ્યાખ્યાઓનું પૃથક્કરણ :**

વ્યક્તિ સમૂહ અમુક બાબત પરત્વે અમુક જાતનું વલણ ધરાવે છે. એનો અર્થ એ થાય છે કે તે વ્યક્તિ કે વ્યક્તિનો સમૂહ તે બાબત પ્રત્યે અમુક રીતે જોવાની, અમુક રીતે ક્રિયા કરવાની પૂર્વ સિધ્ધાંતો ધરાવે છે.

બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિની લાગણીઓ , માન્યાતાઓ , ગમા – અણગમાં , ખ્યાલો , કાર્ય કરવાની તત્પરતા વગેરે પરસ્પર ગાઢ રીતે સંકળાયેલ છે તેનું એક સુવ્યવસ્થિત સંગઠન બને તેને આપણે વલણ કહીએ છીએ.

વલણ અંગેની આ બધીજ વ્યાખ્યાઓમાં ઓલપાર્ટની વ્યાખ્યા વધુ સ્પષ્ટ છે. તેના કહેવા મુજબ વલણ

- શરીર અથવા મનની તત્પરતાની સ્થિતિ છે.
- આ તત્પરતા અનુભવજન્ય છે.
- આ તત્પરતા અમુક પદાર્થ અથવા પ્રસંગ પ્રત્યે હોય છે.
- તત્પરતાને લીધે વ્યક્તિ પદાર્થ અથવા પ્રસંગ પ્રત્યે અમુક ક્રિયા કરવા પ્રેરાય છે.

આ બધીજ વ્યાખ્યાઓમાં ઓલપાર્ટની વ્યાખ્યામાં વલણનાં મુખ્ય ત્રણ ઘટકોનાં પરસ્પર સંબંધ ઉપર વિશેષ ભાર મુકેલ છે. આ ત્રણ ઘટક નીચે પ્રમાણે છે.

અ) લાગણીનું ઘટક :

આમા વ્યક્તિની લાગણીને કારણે વલણમાં તત્પરતા, ઉત્તેજન વગરે જોવા મળે છે.

બ) જ્ઞાનાત્મક ઘટક:

કોઈ પણ બાબતમાં વ્યક્તિ માન્યતા ધરાવે છે. તેનો આધાર વલણના જ્ઞાનાત્મક ઘટક સાથે સંકળાયેલ છે. વ્યક્તિની માન્યતા ઘણી વખત વિવેચનલક્ષી કે મૂલ્યાંકનલક્ષી પણ બની જાય છે. તેને પરીણામે વ્યક્તિ પદાર્થ, પ્રસંગ કે પરિસ્થિતિ તરફ અનુકૂળ કે પ્રતિકૂળ વલણ ધરાવતો થાય છે.

ક) ક્રિયાવૃતિ ઘટક :

ક્રિયાવૃતિનું ઘટકનો સંબંધ વલણ સાથે સંકળાયેલ વર્તનને તત્પરતા સાથે છે.

**વલણના પ્રકારો :**

મનોવૈજ્ઞાનિક ઓલપાર્ટનાં મત મુજબ વલણનાં બે પ્રકાર છે.

૧) વિધેયાત્મક વલણ :

જ્યાં વ્યક્તિ, વસ્તુ , પદાર્થ કે પરિસ્થિતિ પ્રત્યે તરફેણનું વલણ જોવા મળે તો તેને વિધેયાત્મક વલણ કહી શકાય .

૨) નિષેધાત્મક વલણ :

જ્યાં વ્યક્તિ, વસ્તુ , પદાર્થ કે પરિસ્થિતિ પ્રત્યે વિરોધી વલણ જોવા મળે તો તેને નિષેધાત્મક વલણ કહી શકાય .

**વલણના લક્ષણો :**

૧. વલણ એ જન્મજાત નથી પણ અનુભવજન્ય છે. એટલે માનવીનો જેમ જેમ વિકાસ થાય છે તેમ વિવિધ અનુભવો થાય છે. તેમ તેમ વલણ ઘડાય છે.

૨. વલણ વ્યક્તિ, જુથ, વસ્તુ કે પરિસ્થિતિ સાથે સંકળાયેલ હોય છે.

૩. વલણો પ્રેરણાત્મક અને ભાવાત્મક હોય છે.

૪. વલણો સામાન્યત : દીર્ઘજીવી હોય છે.

૫. વલણો આપણી વિચારણા અને વર્તન પર અસર કરે છે.

૬. વલણો સંપાદિત હોવાથી પરિવર્તનશીલ હોય છે.

૭. દુનિયામાં આપણા પરિચિત જેટલા પદાર્થો છે તેટલા બધા સાથે આપણાં વલણો જોડાયેલા છે.

૮. વલણની સાથે સાથે ક્રિયાનું ઘટક પણ સંકળાયેલુ હોય છે.

**વલણ નિર્માણ કરનારા પરિબળો :**

કોઇ પણ વ્યક્તિનાં વર્તન પાછળનું ચાલકબળ વલણ છે. પરંતુ માત્ર વલણનાં લક્ષણોને આધારે વ્યક્તિનાં વર્તન અંગેના કોઇ ભાવી કથન ન કરી શકાય. અમુક સંજોગોમાં વ્યક્તિનાં વર્તનમાં પરીવર્તન કેવી રીતે લાવી શકાય તેને નિયંત્રિત કઇ રીતે કરી શકાય વગેરે બાબતો જાણવા માટે વલણો નિર્માણ કરનારા પરિબળોનો અભ્યાસ કરવો જરૂરી છે. વલણ ઘડતરમાં ભાગ ભજવતા પરિબળો સામાન્યત: નીચે પ્રમાણે છે.

૧. અનુભવ :

જીવનમાં આપણને અનેક પ્રકારના અનુભવ થાય છે. આ વિવિધ અનુભવો કોઇ વિચાર ,પદાર્થ અથવા વ્યક્તિ સાથે સંકળાયેલ હોય છે. વિશિષ્ટ પ્રકારનાં અનુભવોને લીધે એમના પ્રત્યેના ચોક્કસ વલણનું નિર્માણ થાય છે.

૨. કોઇ આઘાતજનક વલણ

૩. માહિતી અને વલણ સર્જન

૪. સામાજિક વારસો

૫. જરૂરિયાતો સંતોષવાની પ્રક્રિયા

૬. બીજાની પાસેથી પ્રાપ્ત થતા વલણો

૭. તક મળવી

૮. શારીરિક સ્થિતિ

૯. રસ

**વલણ પરિવર્તન :**

મનોવૈજ્ઞાનિકો એ નિયંત્રિત સંજોગોમાં વલણનાં પરિવર્તનનો અભ્યાસ કરેલ છે. આ અંગે કેટલાક સંશોધનો થયેલ છે.

પીટરસન અને થર્સ્ટન એમ દર્શાવ્યુ કે ચલચિત્રોની અસર વલણો પર સારા પ્રમાણમાં થાય છે.

ચલચિત્ર જોઇને બાળકોનું નિગ્રો તરફ જોવાનું વલણ સુધર્યું અને આ વલણ અનેક વર્ષો સુધી ટક્યું છે.

વલણ પરિવર્તનનાં મુખ્ય બે પ્રકાર છે.

૧. વિષય પરિવર્તન :

આ પરિસ્થિતિમાં પરિવર્તનની દિશા મૂળ વલણથી ઉલટી જ હોય છે. આ પ્રકારના વલણ પરિવર્તનમાં વલણની હકારાત્મક કે નકારાત્મકમાં ઘટાડો થાય છે. આ પરિવર્તન હકારાત્મક વલણનું નકારાત્મક વલણ અને નકારાત્મક વલણનું હકારાત્મક વલણમાં પણ હોય શકે .

આ પ્રકારનું પરિવર્તન સહેલાઈથી થતું નથી.

૨. સમ પરિવર્તન :

આ પ્રકારનાં પરિવર્તનમાં વલણની હકારાત્મક કે નકારાત્મક માત્રામાં વૃધ્ધિ થાય છે. આ પ્રકારનું પરિવર્તન મૂળ વલણની દિશામાં જ હોય છે.

**વલણ પરિવર્તનનો આધાર :**

૧. વલણની પ્રબળતા :

વ્યક્તિમાં અમુક વલણોની વિશેષ પ્રબળતા હોય છે. અને જે વલણોથી તેની જરૂરીયાત વધારે પ્રમાણમાં પરીપૂર્ણ થાય છે તે વલણોને વિષય પરિવર્તનમાં ફેરવવા મુશ્કેલ છે. પરંતુ તેનું સમપરિવર્તન કરવું શક્ય છે.

૨. સ્થિરતા :

વલણો સ્થિર નથી તે સાચું તેમ છતાં વલણોનાં ઘટકોમાં એક પ્રકારની સ્થિરતા હોય છે. જેમ વલણોનાં ઘટકો વચ્ચેની સ્થિરતા વધુ તેમ તે વધુ સ્થિર અને જેમ તે સ્થિરતા ઓછી તેમને પરિવર્તનશીલ રહે છે.

૩. બહુત્વ :

વ્યક્તિના વલણો સાથે જો અમુક બાબતો સંકળાયેલી હશે તો તે વલણની પરિવર્તન ક્ષમતા ઓછી પરંતુ એક જ માન્યતા પર આધારિત હશે તો વધુ પરિવર્તન ક્ષમતા ધરાવે છે.

૪.આંતરિક સંબંધ અને સુસંગતા :

ઘણી વખત એક વલણનો સંબંધ બીજા વલણો સાથે હોય છે. આ આંતરિક સંબંધનું પ્રમાણ વલણ ન પરિવર્તનશીલમાં મહત્વનો ભાગ ભજવે છે. વળી બીજા વલણોની સાથે સુસંગત રીતે જોડાયેલા વલણોનું પરિવર્તન કરવું વધારે સરળ હોય છે.

૫. બુધ્ધિ :

વલણ પરિવર્તનનો આધાર બુધ્ધિમાં રહેલા વ્યક્તિગત તફાવત ઉપર હોય છે. કોઈ વ્યક્તિ અમુક પરિસ્થિતિ કે બાબત અંગે ઝડપથી નવું વલણ વિકસાવે . જ્યારે વ્યક્તિને તેમ કરવામાં મુશ્કેલી જણાય છે.

૬. સહાનુભૂતિ અને સમજ :

કેટલીકવાર વ્યક્તિને સહાનુભૂતિપૂર્વક જીવનમાં સારા અને ઉચ્ચ મૂલ્યોનું મહત્વ સમજાવવામાં આવે તો તે આવા વલણો બાંધવા પ્રેરાશે.

૭. સામાજિક વાતાવરણ , સંસ્કૃતિ અને આપણા જૂથની અસર :

સામાજિક વાતાવરણ , સંસ્કૃતિ અને આપણા જૂથની અસર વલણ ઉપર બહુ મોટા પ્રમાણમાં થાય છે.

આપણા જૂથ એટલે ઘર , શાળા , શિક્ષક , ધર્મ , રાજકીય પક્ષો , જ્ઞાતિ , રાષ્ટ્રીયતા વગેરે સમજવાનું છે. જ્યારે સામાજિક વાતાવરણ એટલે વર્તમાન સામાજિક પરિસ્થિતિ એમ સમજવું.

૮. ચલચિત્રોની અસર તેમજ અનુકરણની અસર :

પીટરસન અને થર્સ્ટન ચલચિત્રોની અસર વલણ પર સારા પ્રમાણમાં થાય છે તેમ તેમના અભ્યાસમાં તારવેલ છે.

ન્યૂકોમે પણ એકબીજાનાં અનુકરણની અસર હેઠળ છોકરા છોકરીઓમાં વલણો બદલતા રહે છે એમ સંશોધનનાં અંતે સાબિત કર્યું છે.

**વલણનાં વિવિધ પાસાઓનો અભ્યાસ :**

૧. વલણની દિશા :

આમાં કોઈ એક પ્રશ્ન અંગે વ્યક્તિનો કેવો મત છે તેનો અભ્યાસ થાય છે .તેનું વલણ પ્રતિકૂળ છે કે તરફેણમાં છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે.

૨. પસંદગીની માત્રા :

ઉપરોક્ત બાબતમાં જવાબની દિશા એક જ હોય તેમ છતાં કઇ બાજુએ વ્યક્તિનો ઝુંકાવ અવિશેષ છે તે જાણવાનો પ્રયત્ન કારવામાં આવે છે.

૩. તીવ્રતા :

કોઈ વ્યક્તિ શિક્ષકો તરફ ચોક્કસ વલણ ધરાવે છે એમ ખબર હોવા છતાં તેની એ અંગેની તીવ્રતા જાણવી પણ જરૂરી છે. આવા સમયે વલણ માપનની વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

૪. સુસંગતા :

વ્યક્તિના વલણમાં સુસંગતા છે કે નહી તે જાણવાની પણ જરૂર પડે છે. જેમ કે તે પોતે લોકશાહી ઝંખતો હોય પરંતુ તે બીજા લોકોને લોકશાહી રીતે સ્વતંત્ર આપવા તૈયાર છે કે નહી તે જાણવાની જરૂર રહે છે.

૫. વલણ પ્રગટ કરવાની ઉત્કુષ્ટતા :

વલણ હોય છે જ પણ પ્રસંગ આવે ત્યારે વ્યક્તિ પોતાના વલણને પ્રગટ કરવામાં ઉત્કુષ્ટતા બતાવે છે તે જાણવું પણ જરૂરી છે.

**ઉપસંહાર :**

આમ વલણનો અર્થ વ્યાખ્યા , પ્રકારો , ઘટકો , લક્ષણો અને વલણ નિર્માણ કરનારા પરિબળોનો અભ્યાસ કર્યા બાદ વલણ એ એક ખુબ જ વ્યવસ્થિત અને પધ્ધતિસરની પ્રક્રિયા છે.

**સંદર્ભસૂચિ :**

૧. કુ.ગો. દેસાઇ ( ૨૦૦૧ ) મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના , અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , પુ.૨૩૧

૨. દોલત દેસાઇ ( ૨૦૦૩ ) સ્ટ્રેસ ઘટાડીએ હળવાશ વધારીએ અમદાવાદ ગૂર્જર ગ્રંથરત્ન, પુ.૧૪

૩. R.N. Agrawal , (1964 ) Educational and psychological measurement Agra , Vikas Pustak mandir P. 122